# મોડ્યુલ- GJ 11
# ‘ICTનું શીખવા શિખવવા અને મૂલ્યાંકનમાં સંકલન’

શિક્ષકનું નામ : ડાભી રાજેશ ધનજીભાઈ મો.નં.:- ૯૦૯૯૪૯૮૯૪
શાળાનું નામ : શ્રી સારંગવાડા પ્રાથમિક શાળા તા – અબડાસા જિ- કચ્છ

★ કોર્સની ઝાંખી :-

કોર્સનું માળખું, હેતુઓ અને કોર્સની રૂપરેખા અંગે સમજ મેળવી હતી.આ ઉપરાંત કોર્સના સમયગાળા અને પ્રમાણપત્ર મેળવવા અંગે સમજ મેળવી હતી.

★ શિક્ષણ માં ટેકનોલોજીનો પરિચય:-

પ્રો. અમરેન્દ્ર પી બહેરા ના 04:00 મિનીટ ના વિડીયો માં આજનું બાળક શાળામાં આવતા પૂર્વે જ ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં શીખી રહ્યો છે ત્યારે શિક્ષકોએ પણ બાળકોના પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનના નિર્માણ માટે ટેકનોલોજી અને અન્ય નવીન પદ્ધતિઓ ના ઉપયોગ માટે સક્ષમ બનવાની અપેક્ષા છે તે અંગે સમજ આપવામાં આવી હતી.

★ માહિતી અને સંચાર તકનીક **(**ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી **ICT)**:-

07:34 મિનિટના વિડીયોમાં પ્રો. રીઝઉલ કરીમ દ્વારા ICT ની સંકલ્પના ની સમજ અપાઇ હતી. 'ICT તકનીકી સાધનો અને સંસાધનોના એક સમૂહ નો ઉલ્લેખ કરે છે. જે જ્ઞાન નું નિર્માણ સંગ્રહ અને વહન કરે છે'- યુનેસ્કો. આ ઉપરાંત તેની વિશેષતાઓ વિશે સમજ અપાઇ હતી. જેમાં ડિજિટલ જાણકારી બનાવવી, ઉમેરવું અને ફરી મેળવવા અંગે સમજ અપાઇ હતી.

☯ પ્રવૃત્તિ: 1 - તમારી સમજ ચકાસો ☯

ICT અને બિન ICTના ઉદાહરણને Example/ Non- Exampleમાં વર્ગીકૃત કર્યા હતા.

★ **ICT** કેવી રીતે શીખવા**-** શીખવવાની પ્રક્રિયાનું સમર્થન કરે છે**?**:-

☯ પ્રવૃત્તિ: 2- તમારા વિચારો જણાવો ☯

આપેલ લીંક નો ઉપયોગ કરીને શાળા શિક્ષણના પાયાના સ્તરે અને પ્રારંભિક તબક્કામાં ICT આપણા શીખવા- શીખવવા -મૂલ્યાંકનને કેવી રીતે સમર્થન આપે છે? એ અંગે ચિંતન કરી મારા વિચારો જણાવ્યા હતા.

☞ ICT એકીકરણની શક્યતાઓ:-

ICTનો ઉપયોગ કરવાથી થતા ફાયદાઓ અંગે સમજ મેળવી હતી.

☯ પ્રવૃત્તિ: 3 - અન્વેષણ કરો ☯

કાર્યક્ષમતા વધારવી, શીખવાની ગુણવત્તા વધારવી, કૌશલ્ય ઘડતર સરળ/ સુગમ બનાવવું, જીવન પર્યંત શિક્ષણ ટકાવવું, સામુદાયિક જોડાણને આગળ વધારવું - જેવા શબ્દો અંગે જાણકારી મેળવી હતી.

★ **How to Integrate Technology in Education?**:-

શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ કરવાના મુખ્યત્વે ચાર માપદંડો છે:

1. વિષયવસ્તુ ના સ્વરૂપ
2. માળખા અને માનવ સંસાધન ના સંદર્ભમાં
3. શિક્ષણશાસ્ત્ર શીખવા શીખવવાના અભિગમ
4. ટેકનોલોજી નો પ્રકાર અને તેની વિશેષતા

ઉપરોક્ત તમામ માપદંડો વિશે ઉદાહરણ દ્વારા વિગતે સમજ મેળવી હતી. આ ઉપરાંત વધારાની જાણકારી માટે આપવામાં આવે લિંકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

☯ પ્રવૃત્તિ: 4 - જાતે કરો ☯

Covid-19ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી શીખવા શીખવવાની પ્રક્રિયામાં આવતા પડકારો અંગે યાદી બનાવી તેને સરળ બનાવવા ICTનો ઉપયોગ તેમાં કેવી રીતે કરી શકાય? તે અંગે યોજના બનાવી હતી.

☞ સલામતી:-

યુનેસ્કોનો લેખ 'પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ'માં સલામતીને ચાર શ્રેણીમાં વર્ગીકૃત કર્યું છે.

1. હાનિકારક શારીરીક અસરો
2. બાળકોના શિક્ષણ, જ્ઞાનાત્મક, સામાજિક અને ભાવનાત્મક વિકાસ
3. હાનિકારક સામગ્રીઓનો સંપર્ક
4. અન્ય મહત્વપૂર્ણ શીખવાની અને રમવાની પ્રવૃત્તિઓની જગ્યા લેતી નવી તકનીકો

☯ પ્રવૃત્તિ: 5 જાતે કરો ☯

જેમાં એક પરિસ્થિતિ આપવામાં આવેલ. જેમાં એક ગંભીર ચક્રવાતમાં વિદ્યાર્થીઓ વર્ગખંડમાં આવવાની સ્થિતિમાં ન હોય, ત્યારે ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિષયોને શીખવા - શીખવવા માટેની પ્રવૃત્તિ નું આયોજન કર્યું હતું.

★ કઈ ટેકનોલોજીનો ઉપયોગ કરવો**?**:-

પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન માટે ડિજિટલ સંસાધનો અંગે પ્રો. ઇન્દુ કુમારના વિડીયો દ્વારા સમજ મેળવી હતી. પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનના 3 વિકાસલક્ષી લક્ષ્ય-

- બાળકો સારું સ્વાસ્થ્ય અને સુખાકારી જાળવી રાખે
- બાળકો અસરકારક પ્રત્યાયન કરતા બને
- બાળકો સમાવેશી શીખનાર બને અને તેમના નજીકના વાતાવરણ સાથે જોડાય

આ લક્ષ્યોને પ્રાપ્ત કરવા ઇન્ફોગ્રાફિક્સ, વર્ક શીટ, મૂલ્યાંકન પત્રકો અને નાના વિડિયોનો ઉપયોગ કરવા અંગે સમજ મેળવી તથા દીક્ષા પર ઉપલબ્ધ કન્ટેન અંગે જાણકારી મેળવી હતી.

☯ વધારાની પ્રવૃત્તિ: ડિજિટલ પહેલ વિશે જાણો ☯

Diksha, EPathshala, SWAYAM MOOCs, SWAYAM PRABHA, NISHTHA, શાળા પ્રણાલી માટે શિક્ષણમાં ICT માટેનો અભ્યાસક્રમ, સાયબર સલામતી અને સુરક્ષા, ઇ સામગ્રીનું નિર્માણ જેવી વિવિધ લિંક આપેલ હતી. જેના પર જઈને તે તમામ અંગે માહિતી મેળવી હતી.

☞ પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન માટે ડિજિટલ સાધનો:-

ડો. રીઝાઉલ કરીમના 17:26 મિનિટના આ વીડિયોમાં ડિજિટલ ગેમ્સ, GComris, Eduactiv8, ટકસમેથ વિશે જાણકારી મેળવી અને વિડિયોના માધ્યમથી ICTનો વર્ગમાં કઈ રીતે ઉપયોગ થઈ શકે તેનાથી વાકેફ થયા.

☯ પ્રવૃત્તિ: 6 - તમારા વિચારો જણાવો ☯

દૂરવર્તી શિક્ષણ દરમિયાન કઈ રીતે ICTના સાધનનો ઉપયોગ કરી શકાય તે અંગેના વિચારો આપેલ લીંક પર જઈને જણાવ્યા હતા.

★ સામગ્રી **-** શિક્ષણ પ્રક્રિયા **-** ટેકનોલોજીની સંકલિત આયોજન કેવી રીતે બનાવવી**?**:-

વિષયવસ્તુ- શિક્ષણ પ્રક્રિયા સાથે ટેકનોલોજીના સંકલન અંગે વિવિધ ઉદાહરણ દ્વારા સમજ મેળવી હતી.

★ સારાંશ :-

ચાર્ટ દ્વારા સમગ્ર મોડયુલનો ટૂંકમાં સાર આપવામાં આવેલ હતો. જેના આધારે ટૂંકમાં સમગ્ર મોડયુલ અંગે સમજ મેળવી હતી.

★ પોર્ટફોલિયો :-

ગણિતની સંકલ્પના શીખવવા માટે આપવામાં આવેલ ઢાંચાનો ઉપયોગ કરી પાઠ આયોજન બનાવ્યુ હતું.

★ વધારાના સંસાધનો :-

બીજી વધારાની માહિતી માટે કોર્સમાં આપેલ વેબ સાઇટોની નોંધ કરી અને આપેલ લીંક જોઇ વધુ સમજ મેળવી હતી.

★ મુલ્યાંકન :- 20 પ્રશ્નોના ઉત્તર આપી ક્વીઝ પુર્ણ કરી હતી.

આમ, આ મોડયુલ દ્વારા ICTનું શીખવા શિખવવા અને મૂલ્યાંકનમાં સંકલન અંગે પુરતી સમજ મેળવી હતી.